ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૯ ૧૮ ઓક્ટોબર, ૨૦૨૦, રવિવાર; નિ. આસો સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# છેલ્લા ૧૫ દિવસમાં કોરોનાના કેસમાં ૧૮ ટકાનો ઘટાડો

**ભારતમાં કોરોના ધીમે ધીમે પીછેહઠ કરી રહ્યો છે, નવા સંક્રમણના કેસ અને મૃત્યુ મામલે સતત ઘટાડો નોંધાયો**

નવી દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોનાનો કહેર ધીમે ધીમે ઘટતો જણાય રહ્યો છે. ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં ૧૫ દિવસના સમયગાળામાં સંક્રમણના નવા કેસોમાં ૧૮% ઘટાડો જોવા મળ્યો છે. તે જ સમયે કોરોનાથી થતાં મૃત્યુ વિશે વાત કરો તો તેમાં પણ લગભગ ૧૯% જેટલો ઘટાડો જણાયો છે. ભારતમાં આ મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં કોરોનાના ૧૦,૫૫,૦૬૮ નવા કેસ નોંધાયા છે. રાજ્ય સરકારોના દૈનિક આંકડા મુજબ આ આંકડા ઓગસ્ટના પછી કોઈપણ પખવાડિયામાં સૌથી ઓછા આંકડા છે. સપ્ટેમ્બરના બીજા પખવાડિયાની તુલનામાં આ મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં ૧૮.૪% ઓછા કેસ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં પ્રથમ વેક્સિન આપવા ૩૦ કરોડ લોકોની ઓળખ કરાઈ

**ભારતમાં રસી આપવા માટેનું આયોજન શરૂ : ભારતમાં ત્રણ રસીનું પરિક્ષણ ચાલુ છે જેમાં ઓક્સફોર્ડની વેક્સિન પરિક્ષણના સૌથી એડવાન્સ તબક્કામાં છે : હાઈરિસ્ક કેટેગરીના લોકોને વેક્સિન અપાશે**

નવી દિલ્હી,તા.૧૭

દુનિયાભરમાં કોરોનાની ઘણી રસીનું પરિક્ષણ છેલ્લા તબક્કામાં આવી પહોંચ્યું છે, ત્યારે ભારત સરકારે પણ રસી કોને પહેલા આપવી તે અંગેનું આયોજન શરુ કરી દીધું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સરકારે એવા ૩૦ કરોડ લોકોની ઓળખ કરી છે કે જેમને રસી આપવામાં પ્રાથમિકતા અપાશે. તેમાં હાઈ રિસ્ક કેટેગરીમાં આવતા સામાન્ય નાગરિકો ઉપરાંત, હેલ્થકેર વર્કર્સ, પોલીસકર્મીઓ, સેનિટેશન વર્કર તેમજ કો-મોર્બિડિટી ધરાવતા સિનિયર સિટીઝન્સનો સમાવેશ થાય છે. આ લોકો માટે ૬૦ કરોડ ડોઝ ફાળવાશે.

● અનુસંધાન પાન-૭ પર

--- બોર્ડ - કોર્પોરેશન - બેંકો - કંપનીઓ - ગાંધીનગરના નાગરિકો માટે ખુશ ખબર ---

અરિહંત ડ્રાયફ્રુટ ના ૧૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે

અમારી બીજી શાખાનો આજથી મંગલ-પ્રારંભ

આગામી દિપાવલીના તહેવારો માટે તમામ પ્રકારનાં ડ્રાયફ્રુટ તથા આપની ઈમ્યુનીટી વધારતી વસ્તુઓ તાજી - વ્યાજબી ભાવે - ઉત્તમ ક્વોલીટીની ઉપલબ્ધ

રૂ.૨૦૦ થી રૂ.૨૦૦૦ સુધીનાં ૩૫ કરતાં વધુ વેરાઈટીનાં ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ ઉપલબ્ધ

અરિહંત ડ્રાયફ્રુટસ્

C/o. રૂષભ એન્ટરપ્રાઈઝ, સહજાનંદ કોમ્પલેક્ષના ભોયરામાં, સેક્ટર-૩૦, નમસ્તે સર્કલ પાસે, અક્ષરધામ રોડ, ગાંધીનગર.
હેમાંગ ગાંધીઃ- ૯૩૭૭૭ ૨૩૧૬૪

સમય સવારે ૯.૩૦ રાત્રે ૯ સુધી

બેંક ઓફ બરોડા, (દેના બેંક) સામે, પુનિત એમ્પોરિયમની બાજુમાં, સેક્ટર-૨૨, શોપિંગ સેન્ટર, ગાંધીનગર.
આર.ડી.ગાંધીઃ- ૯૯૨૪૧ ૨૩૧૬૪

ખાસ નોંધઃ- માસ્ક પહેરીને પધારવું ફરજીયાત / સેનીટાઝેશન ઉપલબ્ધ. Social Distancing નું પાલન જરૂરી છે







